ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

રેફ.,નં. ક.યુ./EC-Minuts 1ST AUG'16/ 63 Date: 11/08/2016

પ્રતિ,
તમામ એક્ઝિકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

વિષય : ગત તારીખ 01/08/2016 રોજની એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની યોજાયેલ બેઠકની મિનિટસની નોંધ મોકલવા બાબત

શ્રીમાન,

જય ભારત સાથ જણાવવાનું કે ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તારીખ 01/08/2016ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની બેઠકની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે, જે ધ્યાને લેવા વિનંતી

આભાર સહ......

આપનો વિશ્વાસુ

કુલસચિવ (ઇ.ચા)

બિડાણ : એક્ઝિક્યુટીવ કાઉંન્સીલની યોજાયેલ બેઠકની મિનિટસની નોંધ

નકલ સવિનય રવાના : માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

# તા. ૧લી ઓગષ્ટ–૨૦૧૬ ના રોજ સાંજના ૦૪.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તા. ૧લી ઓગષ્ટ–૨૦૧૬ને સોમવાર સાંજના ૪.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે એજન્ડા ક્રમાંક–૧૦ માં ડીનશ્રી વિજ્ઞાન વિદ્યાશાખાએ સૂચવેલ સુધારા મુજબ ''ડીનશ્રી'' શબ્દને સ્થાને ''અધ્યક્ષશ્રી રસાયણશાસ્ત્ર'' ને વંચાણે લેવાની રજુઆત સાથે આગળની કાર્યવાહિની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ડૉ. સી.બી.જાડેજા<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. એમ.જી.ઠકકર<br>ડીનશ્રી, **વિજ્ઞાન** વિદ્યાશાખા, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ.કે.એમ.ત્રિવેદી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી હરિસિંહ ધનુભા જાડેજા<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલા સ્નાતક, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ.એસ.જી.ધર્માણી<br>કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદીપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ.પી.એન.દવે<br>પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ.એસ.એલ.ભંડારી<br>રીડર, એન્વાયરમેન્ટ સાયન્સ ભવન, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. રાજેન્દ્ર એમ. શાહ<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ | સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિહ એમ. જાડેજા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભૂજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. ડી.એમ.બકરાણીયા<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. **ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

**( નોંધ :** ગત તારીખ ૨૩ મી એપ્રિલ ૨૦૧૬ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.)

**ઠરાવ નં ૧: ગત તારીખ ૨૩ મી એપ્રિલ ૨૦૧૬ ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

૨. **સ્નાતકકક્ષાએ ફિજિયોથેરાપી કોર્સની માન્યતા આપવા બાબત :**

**(નોંધ :** ધ. તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાણક્ય કોલેજ ઓફ ફિજિયોથેરાપી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરવા બાબત મળેલી અરજીના અનુસંશધાનમાં જોડાણ સંબંધી તમામ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી શરૂ કરવાની મંજૂરી બાબત)

**ઠરાવ નં ૨ : ફિજીયોથેરાપી અભ્યાસક્રમ_સંબંધે ઇ.સી.ની મંજુરીની અપેક્ષાએ આપેલ જોડણને મંજુર રાખવામાં આવે છે. આ ફેકલ્ટીના અભ્યાસક્રમને યુનિવર્સિટીના એકેડેમિક ઓર્ડિનન્સ ૯૪ પ્રમાણે એકેડેમિક કાઉન્સીલ મંજુર રાખે તથા કુલસચિવશ્રીના કાર્યાલયથી યુનિવર્સિટી દ્વારા એ.સી.પી.સી. મારફતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા અંગે કાર્યવાહી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.**

૩. **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના નામ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી થયેલ પ્રવેશ પ્રક્રિયાને માન્ય રાખી તે કોલેજોના નામ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નામની યાદીમાં સમાવવા બાબત.**

**(નોંધ :** એક્ઝિક્યુટીવ કાઉન્સીલની તારીખ ૨૩–૦૪–૨૦૧૬ના રોજ યોજાયેલ બેઠકના ઠરાવ ક્રમાંક ૮ મુજબ સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લખપત ખાતે આર્ટસ એન્ડ કોમર્સ અભ્યાસક્રમ તેમજ જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન, ભુજ ખાતે બી.એડ્. અભ્યાસક્રમ શરૂ કરવા સંબંધે જોડાણ પ્રક્રિયા હાથ ધરવા થયેલ ઠરાવ મુજબ પ્રક્રિયા હાથ ધરવામાં આવી અને સૈદ્ધાંતિક મંજૂરીની અપેક્ષાએ વિદ્યાર્થીઓ ફાળવેલ છે. ઉપરોક્ત મુદા ક્રમાંક ૨ મુજબની કોલેજને વિદ્યાર્થીઓ ફાળવવા બાબતે મધ્યસ્થ પ્રવેશ સમિતિ મેડીકલ અને પેરા મેડીકલમાં નામ મોકલવામાં આવેલ છે. આમ, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લખપત, જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન, ભુજ અને ચાણક્ય કોલેજ ઓફ ફિજિયોથેરાપી કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી થયેલ પ્રવેશ પ્રક્રિયાને માન્ય રાખી તે કોલેજોના નામ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નામની યાદીમાં સમાવવાની મંજૂરી બાબત)

**ઠરાવ નં ૩ :** **કચ્છ યુનિવર્સિટીની કોલેજની યાદીમાં ત્રણ કોલેજોના નામો ઉમેરવા તથા આ કોલેજો માટે હાથ ધરવામાં આવેલ પ્રવેશ પ્રક્રિયાને મંજુર ઠરાવવામાં આવ્યું.**

**૪. ડૉ. સી.પી.મીસ્ત્રી, આસિસ્ટન્ટ પ્રોફેસર, જીયોલોજી વિભાગ, કચ્છ યુનિવર્સિટી, ભુજની જી.પી.એફ. કપાત બાબત :**

(નોંધ : યુનિવર્સિટીના જીયોલોજી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.સી.પી.મીસ્ત્રી કે જેઓ અગાઉ એમ.એસ.યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા હતા, તેમનું જી.પી.એફ. એકાઉન્ટ એમ.એસ. યુનિવર્સિટી ખાતે તારીખ ૧૬–૦૬–૨૦૧૦ના રોજ બંધ થયેલ છે અને તે વ્યાજ સહિતની રકમ કચ્છ યુનિવર્સિટી ખાતે જમા લીધેલ છે તદઉપરાંત યુનિવર્સિટી સરકાર તરફથી અલગ પીએલએ એકાઉન્ટની મંજૂરી મળેલ ન હતી જે મેળવવાની પ્રક્રિયા ચાલુ હોવાના કારતે તેઓશ્રી આ યુનિવર્સિટી ખાતે જોડાયા ત્યારથી તેમની જી.પી.એફ. કપાત થયેલ નથી પરંતુ હવે પી.એલ.એ. એકાઉન્ટની સરકારશ્રી પાસેથી મંજૂરી મળી ગયેલ છે જેથી તેમની જોડાયા તારીખથી વ્યાજસહિતની જી.પી.એફ. કપાત કરવા અંગે મંજૂરી અને નિર્ણય લેવા બાબત. **(બિડાણ–૧)**)

**ઠરાવ નં ૪ :** **કચ્છ યુનિવર્સિટીના જીયોલોજી વિભાગમાં ફરજ બજાવતાં શ્રી સી.પી.મિસ્ત્રી ના અમે.એસ.યુનિવર્સિટીના પી.એફ.નંબર સાથે જી.પી.એફ. રકમ(બેલેન્સ) મોકલીને જો જી.પી.એફ. એકાઉન્ટમાં જમાં થાય તે પ્રક્રિયા હાથ ધરવી. જો સબંધિત ખાતામાં આ પ્રક્રિયા ચાલું કરવામાં મુશ્કેલી જણાય તો સી.પી.એફ. ખાતાં અંગેની કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું.**

**૫. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ નવું ફિનું માળખું નકકી કરવા બાબત :**

**(નોંધ :** યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજોમાં ફિની બાબતમાં એકસુત્રતા જળવાય તે હેતુથી એક્ઝિકયુટીવ કાઉન્સીલની તારીખ ૨૩–૦૪–૨૦૧૬ના રોજ યોજાયેલ બેઠકના ઠરાવ ક્રમાંક ૨ મુજબ રચાયેલ સમિતિની માન્ય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ ૦૪–૦૬–૨૦૧૬ના મળેલી બેઠકમાં ફીનું માળખું નિશ્ચિત કરવામાં આવ્યું છે. માનનીય કુલતિશ્રી દ્વારા તારીખ ૨૨–૬–૨૦૧૬ મળેલ આદેશ અન્વયે સદર ફિનું ધોરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી અમલીકૃત કરવામાં આવ્યું છે. આ ફિના માળખાને માન્ય રાખી આગળની કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત. **(બિડાણ–૨)**)

**ઠરાવ નં ૫ :** **કચ્છ યુનિવર્સિટીના નિશ્ચિત કરવામાં આવેલ ફિ ના માળખાંમાં ફકત સેમે–૧ નો ઉલ્લેખ હોઇ અન્ય સેમેસ્ટરનો ઉલ્લેખ થયેલ ન**

હોવાથી, સ્પોટર્સ ફિ બાબતે સુધારાને અવકાશ હોઇ, આ પરીપત્રનો અમલ પડતર રાખવો, ફરીથી સમિતિ બોલાવી પ્રક્રિયા હાથ ધરી ફરીથી પરીપત્ર બહાર પાડવા અંગેની જવાબદારી શ્રી ડો.કે.એમ.ત્રિવેદીને સોંપવામાં આવી. તથા વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ જુથ વિમાનું કવચ વિદ્યાર્થીઓને મળે તે હેતુથી જુથ વિમાના રૂ.૧૦/– યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં અને તે અંગેની કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું.

**૬. એમ.કોમ.(રેગ્યુલર)ના વર્ગ વધારો અને તે વર્ગના વિદ્યાર્થીઓના ફિના ધોરણ બાબત :**

(નોંધ : યુનિવર્સિટીના કોમર્સ વિભાગની તારીખ ૨૩–૦૬–૨૦૧૬ની રજૂઆતને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી એમ.કોમ.(રેગ્યુલર) અભ્યાસક્રમનો ૬૦ બેઠક ધરાવતો એક વર્ગ વધારવા સંદર્ભે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મંજૂરીની અપેક્ષાએ વર્ગ વધારો મંજૂર કરવમાં આવ્યો તેના અનુસંધાનમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓની ટ્યુશન ફિ યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક ૭૨ તારીખ ૦૭–૦૬–૨૦૧૨ મુજબ જ્યારે અન્ય ફિ ઉપરોક્ત મુદા ક્રમાંક ૫ મુજબ માન્ય રાખી ફિ સ્વીકારવામાં આવેલ છે. આમ, એમ.કોમ.(રેગ્યુલર)નો વર્ગ વધારો અને તે વર્ગના વિદ્યાર્થીઓના ફિનું ધોરણ મંજૂર કરવા બાબત.(**બિડાણ–૩**))

**<u>ઠરાવ નં ૬ :</u>** કચ્છ યુનિવર્સિટીના એમ.કોમ.રેગ્યુલાર સ્વનિર્ભર ના એક વર્ગ વધારવા માટે તથા નિશ્ચિત કરેલ ફિનું ધોરણ માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

**૭. ડૉ. રામ સોંદરવાના પાગાર વધારા બાબત.**

(નોંધ : યુનિવર્સિટી ખાતે વહીવટી મેનેજર તરીકે ફરજ બજાવતા ડૉ. રામ સોંદરવાની તારીખ ૯/૨/૧૫ તથા ૨૫/૬/૧૫ની વખતોવખતની અરજીને ધ્યાને લઈ પગારની વિસંગતતા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત.(**બિડાણ–૪**))

**<u>ઠરાવ નં ૭ :</u>** ડો. રામ સોંદરવાની રજુઆત સંદર્ભે તેમની અરજી કચ્છ યુનિવર્સિટીની પગાર વધારા સમિતિને રીફર કરવી અને આગામી ઇ.સી. મીટીગ પહેલાં પગારા વધારા સમિતિ ની બેઠક યોજી નિર્ણય કરવા માટે ઠરાવવામાં આવ્યું.

**૮. સ્પોર્ટસ ફી વધારવા તથા ઈ.ચા. ડાયરેકટર તરીકેના મહેનતાણા નકકી કરવા બાબત :**

(નોંધ : કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી સ્પોર્ટસ ફી વિદ્યાર્થી દિઠ રૂા. ૧૦ છે. યુનિવર્સિટી વિદ્યાર્થીઓને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા લઈ જાય ત્યારે વધુ પ્રમાણમાં ખર્ચ થતો હોય છે આ બાબતને ધ્યાને લઈ ઈ.ચા. ડાયરેકરની તારીખ ૦૮–૦૨–૨૦૧૬ની અરજી અન્વયે સદર ફીમાં રૂા. ૧૦૦ કરવા ભલામણ કરેલ છે અને ઈ.ચા. ડાયરેક્ટર તરીકે વધારાનો કાર્યભાર સંભાળનાર પ્રા. જિજ્ઞેશ તાલાની વધારાના મહેનતાણાની માંગણીની રજૂઆતના સંદર્ભે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત. (બિડાણ–૫))

**ઠરાવ નં ૮ : કચ્છ યુનિવર્સિટીના સ્પોર્ટસ કો–ઓર્ડિનેટરશ્રી માટે તથા માન.કુલપતિશ્રીએ એન.એસ.એસ. કો–ઓર્ડિનેટરશ્રી માટે રજુઆત કરતાં આ બને કો–ઓર્ડિનેટરશ્રીના મળતર નક્કિ કરવા પગાર વધારા સમિતિ ની બેઠક યોજી નિર્ણય કરવા માટે ઠરાવવામાં આવ્યું.**

**૯. યુ.જી.સી.૧૨(બી)ની માન્યતા મેળવવા યુનિવર્સિટીમાં કાર્યરત પાંચ વિભાગોના વર્ગીકરણ બાબત :**

(નોંધ : કચ્છ યુનિવર્સિટી ખાતે યુ.જી.સી.ની ૧૨(બી)ની માન્યતા મેળવવા સંદર્ભે મળેલ પત્ર ક્રમાંક નં. F.NO.9-11/2003(CPP-I/PU) DATED 04-03-2016 ના અનુસંધાનમાં પાંચ કાર્યરત વિભાગોની માહિતી મોકલાના સંદર્ભમાં યુ.જી.સી. ખાતે પત્ર ક્રમાંક નં Ref.K.U./Reg/2016/222 dated 21-05-2016 થી જમા કરાવેલ છે. જેમાં રસાયણશાસ્ત્ર વિભાગ, અર્થ એન્ડ એન્વાયરમેન્ટ વિભાગ, ભાષા ભવન, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ તથા શિક્ષણશાસ્ત્ર વિભાગનો સમાવેશ થાય છે. દર્શાવેલ કાર્યરત પાંચ વિભાગોના વર્ગીકરણને મંજૂર રાખવા બાબત (બિડાણ–૬))

**ઠરાવ નં ૯ : કચ્છ યુનિવર્સિટીના યુ.જી.સી.ને દર્શાવેલ વર્ગીકરણ(રચના) ને હાલમાં ધ્યાને લેવામાં આવ્યું અને આ વર્ગીકરણને પેન્ડીગ રાખવા માટે ઠરાવવામાં આવ્યું.**

**૧૦. એમ.એસસી.(રેગ્યુલર–સ્વનિર્ભર)ના વિદ્યાર્થીઓના ફિના ધોરણ બાબત :**

(નોંધ : યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં સ્વ–નિર્ભર ધોરણે ચાલતા એમ.એસસી. અભ્યાસક્રમમાં ડિનશ્રીની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી સેમેસ્ટર દિઠ ફીનું ધોરણ રૂપિયા ૨૫૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર)કરવાની રજૂઆતને એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રી દ્વારા તારીખ ૦૮–૦૭–૨૦૧૬ના રોજ મંજૂર કરેલ છે. મંજૂર કરેલ આ ફિનું ધોરણ મંજૂર કરવા બાબત.)

**ઠરાવ નં ૧૦ :** **કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ માટે માન.કુલપતિશ્રી દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ થી મંજુર કરેલ ફિનું માળખું બહાલ રાખવા માટે ઠરાવવામાં આવ્યું.**

**૧૧.** **યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં કાર્યરત કર્મચારીઓને ખાસ ભથ્થુ ચૂકવવા બાબત :**

**(નોધ :** યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં કાર્યરત કર્મચારીઓને જે તે સમયે જુદા જુદા ધારા ધોરણ અનુસાર ચૂકવતા ભથ્થાઓ નાણાકિય વર્ષ ૨૦૧૬–૧૭થી ચૂકવવા સંદર્ભે ચર્ચા વિચારણા અને નિર્ણય અર્થે **(બિડાણ–૭))**

**ઠરાવ નં ૧૧ :** **કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા વિભાગોમાં કાર્યરત કર્મચારીશ્રીઓ માટે ખાસ ભથ્થાં ચુકવવાનો મુદો વહીવટી બાબત હોઇ અધિકારીશ્રીના કાર્યક્ષેત્ર હેઠળ હોવાથી હવેથી કુલસચિવશ્રી મારફતે વિભાગોએ પૂર્વમંજુરી લઇ વધારાની/ખાસ કામગીરી સોંપવા સુચના આપવા માટે ઠરાવવામાં આવ્યું.**

**૧૨.** **ખરીદ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ બાબત :**

**(નોધ :** યુનિવર્સિટી દ્વારા જુદી જુદી સેવાઓની જરૂરીયાત મુજબ સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે ખરીદ સમિતિની તારીખ ૧૧–૦૩–૨૦૧૬ના રોજ મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ આ સાથે સામેલ છે જે મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રી દ્વારા તારીખ ૦૧–૦૪–૨૦૧૬થી અમલમાં આવે તે માટે તારીખ ૧૬–૦૩–૨૦૧૬થી મળેલી મંજૂરી મુજબ કરેલ જરૂરી કાર્યવાહી મંજૂર કરવા બાબત. **(બિડાણ–૮))**

**ઠરાવ નં ૧૨ :** **કચ્છ યુનિવર્સિટીની ખરીદ સમિતિ અંગે થયેલ જરૂરી કાર્યવાહી બહાલ રાખી મંજુર કરવા ઠરાવવામાં આવ્યું.**

**૧૩.** **યુનિવર્સિટીના સેનેટના નિયમોમાં/સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સમાં સુધારો કરવા બાબત :**

**(નોધ :** સુપ્રિમ કોર્ટની પીટીશન નંબર ૧૧૬/૧૯૯૮ના ચુકાદા અન્વયે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્ર ક્રમાંક નંબર CHE /ISC-7/સુપ્રિમ કોર્ટ /૨૦૧૬/૧૫૩૦૨–૧૨ તારીખ ૧૮–૦૫–૨૦૧૬ના પત્ર મુજબ યુનિવર્સિટીના સેનેટના નિયમો/સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સમાં સુધારો કરવા કરેલ આદેશ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય કરવા બાબત. **(બિડાણ–૯))**

**ઠરાવ નં ૧૩ :** **કચ્છ યુનિવર્સિટીના સનેટના નિયમોમાં/ સ્ટેચ્યુટ/ ઓડિનન્સમાં સુધારા અંગે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર માનવ સંશાધન**

મંત્રાલય ના રીઝર્વેશન માટેના અમલ માટે યુનિવર્સિટી કક્ષાએથી અમલવારી માટે જે–તે સમયે રીઝોલ્યુશન માટે સરકારમાં મોકલાવેલ છે. હાલમાં રાજ્ય સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ કચ્છ યુનિવર્સિટી એક્ટ અમલમાં હોઇ, આ અંગે કાયદાકીય સલાહ લઇને આગળની કાર્યવાહી કરવા અંગે ઠરાવવામાં આવ્યું.

**૧૪.** **યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં સ્વ–નિર્ભર ધોરણે ચાલતા અભ્યાસક્રમોમાં અધ્યાપકોની નિમણૂક બાબત.**

(**નોંધ :** યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં સ્વ–નિર્ભર ધોરણે ચાલતા અભ્યાસક્રમોમાં અધ્યાપકોની નિમણૂક બાબતે કરેલ પ્રક્રિયા અને તે પ્રક્રિયાને અંતે મળેલ વરણી સમિતિની કાર્યવાહી બાદ લેવામાં આવેલ નિર્ણયને બહાલ રાખી સંબંધિત અધ્યાપકોને નિમણૂક આપવા અંગે નિર્ણય કરવા બાબત.**(બિડાણ–૧૦)**)

**<u>ઠરાવ નં ૧૪</u> : કચ્છ યુનિવર્સિટીની કાયમી અધ્યાપકની ભરતી પ્રક્રિયા ચાલુમાં હોઇ આ એજન્ડા સદર અભ્યાસક્રમોમાં અધ્યાપકોની નિમણુંક પ્રક્રિયા રદ રાખવી તથા આ વ્યવસ્થા માટે હાલમાં ફક્ત મુલાકાતી વ્યાખ્યાતાથી આયોજન ગોઠવવા ઠરાવવામાં આવ્યું.**

**૧૫.** **યુનિવર્સિટીના વહીવટી સંકલન અને પરીક્ષાની કામગીરી બાબત.**

(**નોંધ :** યુનિવર્સિટીના વહીવટી સંકલન અને પરીક્ષાની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી સંલગ્નતા ધરાવતી કોલેજો પૈકી કાર્યરત અધ્યાપકની મદદ મેળવવા અંગે નિર્ણય કરવા બાબત.)

**<u>ઠરાવ નં ૧૫</u> : કચ્છ યુનિવર્સિટીના વહીવટી સંકલન તથા પરીક્ષાની કામગીરી અંગે સંલગ્નતા ધરાવતી કોલેજો પૈકી કાર્યરત અધ્યાપકની મદદ લેવા માટે યુનિવર્સિટી દ્વારા જે કાર્યવાહી આદરવામાં આવે તે મંજુર રાખવાનું ઠરાવવામાં આવ્યું.**

**૧૬.** **યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા ચલાવવામાં આવતા જુદા જુદા પ્રકારના સર્ટીફીકેટ અભ્યાસક્રમો બાબત.**

(**નોંધ :** યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા ચલાવવામાં આવતા જુદા જુદા પ્રકારના સર્ટીફીકેટ અભ્યાસક્રમોના ગુણપત્રકો અને પ્રમાણપત્રકોમાં યુનિવર્સિટીના સહી અને સીકકા માટે મોકલવામાં આવે છે. જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા સર્ટીફીકેટ પ્રકારના આ અભ્યાસક્રમોનાં ગુણપત્રકો અને પ્રમાણપત્રકો પર યુનિવર્સિટીના સહી–સીકકા કરી આપવાની મંજૂરી અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી આ પ્રકારના અભ્યાસક્રમો માટે પ્રામાણિત ધોરણો નકકી કરી કાર્યવાહી હાથ ધરવાના ના નિર્ણય બાબત.)

ઠરાવ નં ૧૬ : કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા ચાલતાં જુદા–જુદા સર્ટીફિકેટ અભ્યાસક્રમો અંગે હાલમાં વર્ષ–૨૦૧૫–૧૬ ના પ્રમાણપત્રો આપવા. વર્ષ–૨૦૧૬–૧૭ માટે યુ.જી.સી./ રાજ્ય સરકાર/ કચ્છ યુનિવર્સિટીની મંજુરી સાથેની દરખાસ્ત મંગાવવી, જે વર્ષોમાં જે–જે કોર્ષ ચલાવવામાં આવ્યા હોય તેની ફિ અને માન્યાતાની મંજુરી મંગાવવી, ત્યારબાદ નિર્ણાયક સમિતિની ભલામણ મુજબ કાર્યવાહી હાથ ધરી દરખાસ્ત મંગાવવા માટે ઠરાવવામાં આવ્યું.

૧૭. ચિકિત્સા વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમોનાં જોડાણ અને વિદ્યાર્થીઓના નોંધણી કરવા બાબત.

(નોંધ : યુનિવર્સિટી સંલગ્ન ગુજરાત અદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સના અનુસ્નાતક અભ્યાસક્રમોના જોડાણ અને પ્રવેશ અંગે એકિઝકયુટીવ કાઉન્સીલની તારીખ ૨૩–૦૪–૨૦૧૬ના રોજ યોજાયેલ બેઠકના ઠરાવ ક્રમાંક ૪ મુજબ કાર્યવાહી કરવામાં આવી. સદર કાર્યવાહીના ભાગરૂપે જે અભ્યાસક્રમોમાં એલ.આઈ.સી. પૂર્ણ થયેલ હોય અને જો એલ.આઈ.સી. ન થઈ હોય તો એલ.આઈ.સી. પૂર્ણ કર્યા બાદ એલ.ઓ.પી. તથા એલ.ઓ.આઈ. મળેલ હોય તે અભ્યાસક્રમો માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અને સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ પ્રવેશ મેળવેલ વર્ષ ૨૦૧૬–૧૭ના વિદ્યાર્થીઓની નોંધણી કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મંજૂરી અને નિર્ણય બાબત.)

ઠરાવ નં ૧૭ : કચ્છ યુનિવર્સિટીની ઉપરોક્ત અભ્યાસક્રમના પ્રવેશ માટે એલ.આઇ.સી. થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં એલ.ઓ.પી./એલ.ઓ.આઇ. મળેથી અને જે કિસ્સામાં એલ.આઇ.ઈસી. થયેલ ન હોય તેવા કિસ્સામાં ત્વરીત એલ.આઇ.સી. કરી એલ.ઓ.પી./એલ.ઓ.આઇ. મળેથી સૈધ્ધાંતિક મંજુરી મેળવવા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની નોંધણી કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા ઠરાવવામાં આવ્યું.

૧૮. યુનિવર્સિટી સંલગ્નતા ધરાવતી જુદી જુદી કોલેજોમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમોના જોડાણ જાહેરનામાની દરખાસ્ત કરવા બાબત.

(નોંધ : યુનિવર્સિટી સંલગ્નતા ધરાવતી જુદી જુદી કોલેજોમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ તથા ૨૦૧૫–૧૬ના જોડાણ જાહેરનામાની દરખાસ્ત સરકારશ્રીમાં કરવાની મંજૂરી બાબત. (બિડાણ–૧૧))

ઠરાવ નં ૧૮ : કચ્છ યુનિવર્સિટીના જુદી–જુદી કોલેજોમાં ચાલતાં અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ તથા વર્ષ૨૦૧૫–૧૬ જાહેરનામાની

દરખાસ્ત સરકારીશ્રીમાં કરવાની કાર્યવાહી માટે માન.કુલપતિશ્રીને સતા સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

**૧૯. યુનિવર્સિટી સંલગ્નતા ધરાવતી જુદી જુદી કોલેજોમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના અનુસંધાનમાં સ્થાનીક તપાસ સમિતિની નિમણૂક કરવા બાબત.**

(**નોંધ :** યુનિવર્સિટી સંલગ્નતા ધરાવતી જુદી જુદી કોલેજોમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના અનુસંધાનમાં સ્થાનીક તપાસ સમિતિની નિમણૂક કરવાની મંજૂરી બાબત **(બિડાણ–૧૨)**)

**ઠરાવ નં ૧૯ : કચ્છ યુનિવર્સિટીના જુદી–જુદી કોલેજોમાં ચાલતાં અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ–૨૦૧૬–૧૭ ના અનુસંધાનમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરવાની સતા માન.કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**૨૦. યુનિવર્સિટીની પરીક્ષાઓના ઉતરપત્રો જોવા આપવા બાબત.**

(**નોંધ :** યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓ દ્વારા આર.ટી.આઈ. અને અરજી દ્વારા ઉતરપત્રો જોવા આપવા બાબતે થયેલી રજૂઆતના અનુસંધાને એકિઝકયુટીવ કાઉન્સીલની તારીખ ૧૨–૧૨–૨૦૧૩ના રોજ યોજાયેલ બેઠકના ઠરાવ ક્રમાંક ૧૫ અને તારીખ ૨૮–૦૮–૨૦૧૪ના રોજ યોજાયેલ બેઠકના ઠરાવ ક્રમાંક ૧૮ મુજબ રચાયેલ સમિતિના સભ્યો પૈકીના સભ્યોનો સમિતિ અહેવાલ ધ્યાને લઈ નિર્ણય અને ઘટતી કાર્યવાહી કરવાની મંજૂરી બાબત. **(બિડાણ–૧૩)**)

**ઠરાવ નં ૨૦ : કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓની ઉતરવહીઓ બિડાણ–૧૩માં ઉલ્લેખાયેલ શરતો/નિયમો ને આધીન વિદ્યાર્થીઓને નકલ આપવાનું બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

**૨૧. પદવીદાન સમારંભ યોજવા બાબત**

(**નોંધ :** યુનિવર્સિટીના છઠ્ઠા પદવીદાન સમારંભનું આયોજન આગામી નવેમ્બર માસ દરમ્યાન કરવાનું થાય છે જે ધ્યાને લઈ નિર્ણય અને ઘટતી કાર્યવાહી કરવાની મંજૂરી બાબત.)

**ઠરાવ નં ૨૧ : ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા ની જન્મતીથી તા.૦૪/૧૦/૨૦૧૬ ના રોજ હોઈ આગામી પદવીદાન સમારંભ મહામહિમ રાજ્યપાલશ્રીની સંમતિની અપેક્ષાએ તા.૦૪/૧૦/૨૦૧૬ ના આયોજન કરવા તથા દર વર્ષ ૪થી ઓકટોમ્બરને પદવીદાન દીન**

જાહેર કરવા માન.કુલાધિપતીશ્રીને વિનંતી કરવાનું (અનિવાર્ય સંજોગોમાં તેમાં ફેરફાર કરી શકાશે) ઠરાવવામાં આવ્યું.

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ

૨૨. લાઇબ્રેરી સમિતિના અહેવાલ બાબત.

ઠરાવ નં ૨૨ : વપરાયેલ ગ્રાન્ટ બાબત રચાયેલ લાઇબ્રેરી સમિતિના અહેવાલને આધારે નિર્ણય લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૩. ડો.સુરેશ પરડવા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પસંદગી થયેલ હોવાથી અત્રેથી ફરજ મુકત કરવા બાબત.

ઠરાવ નં.૨૩ : ડો.સુરેશ પરડવા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગની ફરજ મુકતી અંગે માન.કુલપતિશ્રીને સતા સોંપવા અંગે ઠરાવવામાં આવ્યું.

૨૪. કર્મચારીશ્રીઓના પગાર બેંકમાં કરવા બાબત.

ઠરાવ નં.૨૪ : કચ્છ યુનિવર્સિટીના તમામ કર્મચારીશ્રીઓના પગાર જનરલ ખર્ચ ખાતે અંકારી બેંકમાં કરવા બહાલ રાખવા ઠરાવવામાં આવે છે.

૨૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી બી.યુ.ટી.આર.ની રચના કરવા બાબત.

ઠરાવ નં.૨૫ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે તા.૨૭/૦૩/૨૦૧૭ સુધીના કાર્યકાળ માટે બી.યુ.ટી.આર.ની રચના કરવા અંગે ઠરાવવામાં આવ્યું.

૨૬. લો ફેકલ્ટીના ડીનશ્રીની નિમણુંક બાબત.

ઠરાવ નં.૨૬ : વર્તમાનમાં લો ફેકલ્ટીના ડીન ન હોઇ, વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી ડો.કે.એમ.ત્રિવેદીને લો ફેકલ્ટીના ઇન–ચાર્જ ડીન તરીકે નિમણુંક કરવા ઠરાવવામાં આવ્યું.

૨૭. મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીની નિમણુંક બાબત.

ઠરાવ નં.૨૭ : મેડીકલ ફેકલ્ટીની બી.ઓ.એસ. અસ્તિત્વમાં આવે ત્યારબાદ ડીનશ્રીની નિમણુંકની કાર્યવાહી ધરવા ઠરાવવામાં આવ્યું.

૨૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ ના પ્રવેશ પ્રક્રિયા અને જાહેરાત અંતગર્ત થયેલ ખર્ચબાબત.

ઠરાવ નં.૨૮ : કચ્છ યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ ના પ્રવેશ પ્રક્રિયા અને જાહેરાત અંતગર્ત કરવામાં આવેલ તમામ ખર્ચને બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.

૨૯. જુદા–જુદા પ્રોજેક્ટ ગ્રાન્ટ/રીસર્ચ ગ્રાન્ટ પૈકી યુનિવર્સિટી ખાતે ખર્ચ જમા કરાવવા બાબત.

ઠરાવ નં.૨૯ : જુદા–જુદા પ્રોજેક્ટ અન્વયે પ્રોજેક્ટની સમગ્ર જવાબદારી પ્રોજેક્ટ ઈન્ચાર્જશ્રીની રહેશે, દરેક પ્રોજેક્ટના બેંક એકાઉન્ટ ખોલાવી પ્રોજેક્ટ ઈન્ચાર્જશ્રીએ નિભાવવાનું રહેશે, પ્રોજેક્ટ સંપૂર્ણ થયે ઓડિટ રીપાર્ટની નકલ કુલસચિવશ્રીને સાદર કરવાની રહેશે, પ્રોજેક્ટ ગ્રાન્ટ/રીસર્ચ ગ્રાન્ટ પૈકી પ્રોજેક્ટ ના પ્રકાર પ્રમાણે કુલ ગ્રાન્ટના ઓવરહેડ ના ૪૦% પ્રમાણે થતી રકમ યુનિવર્સિટી ખાતે જમાં કરાવવા ઠરાવવામાં આવ્યું.

૩૦. આસી.પ્રોફેસર, એસોસીએટ પ્રોફેસર ની ભરતી પ્રક્રિયા અન્વયે ગુણાંકન યોજનાના પત્રકોને આખરી કરવા બાબત.

ઠરાવ નં.૩૦ : ભરતી પ્રક્રિયા સમિતિ દ્વારા રજુ કરવામાં આવેલ ભરતી પ્રક્રિયા સબંધી ગુણાંકન યોજનાના પત્રકોને મંજુર રાખવા ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઈ મુદો ઉપસ્થીત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પુર્ણ જાહેર કરવામાં આવી.

ઈ.ચા. કુલસચિવ